અપીલ અરજી નં.૧૯૬ તા.૨૩–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અસદ રમજાનીભાઈ શેખ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (એ.આર.ડી)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૨૭–૮–૦૯ ની અરજીથી ટેના નં. ૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨ , ૧૦બી –૧૫–૧૧૧૧–૧–૦૦૩, ૧૦બી –૧૫ –૧૧૧૧–૦–૦૦૩ માં જુના નામ બદલી નવા નામ નોંધણી કર્યાની સંપુર્ણ વિગત પુરાવા અને અરજીની વિગત, જુના નામ કયારથી ચાલ્યા આવે છે, ૧૯૬૦ થી ૨૦૦૯ આ સિવાય અન્ય અરજી અને વાંધાની વિગતોની ૧૯૬૦ થી ૨૦૦૯ ના સમયગાળાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૬/૨૦૦૯–૧૦

શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૨૭–૮–૦૯ ની અરજીથી ટેના નં. ૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨ , ૧૦બી–૧૫–૧૧૧૧ –૧–૦૦૩ , ૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૩ માં જુના નામ બદલી નવા નામ નોંધણી કરીયાની સંપૂર્ણ વિગત પુરાવા અને અરજીની વિગત, જુના નામ કયારથી ચાલ્યા આવે છે, ૧૯૬૦ થી ૨૦૦૯ આ સિવાય અન્ય અરજી અને વાંધાની વિગતોની ૧૯૬૦ થી ૨૦૦૯ ના સમયગાળાની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન (એ.આર.ડી)ના પત્ર નં.એ.આર.ડી./૬૩ તા.૫–૯–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૨ તા.૩૦–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (એ.આર.ડી) અને અરજદારને અપીલ અરજીમાં કયા મુદ્દા પરત્વે નારાજગી છે તેવી સ્પષ્ટતા કરવા અને તે અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા તથા મુળ અરજીનો સમયગાળો ૧૯૬૦ થી ૨૦૦૯ જણાવેલ છે જયારે અપીલ અરજીમાં ૧૯૯૯ થી ૨૦૦૯ જણાવેલ હોઈ તે અંગે ખરેખર સમયગાળાની સ્પષ્ટતાસહ મુળ અરજીથી માંગેલ માહિતીના મુદ્દાને અનુલક્ષી સ્પષ્ટતા કરવા બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૪–૧૦–૦૯ ના રોજ પૂરક વિગતોમાં લખેલા પત્રમાં માહિતીનો સમયગાળો ૧૯૬૦ થી ૨૦૦૯ જણાવેલ જેની જગ્યાએ ૧૯૯૯ થી ૨૦૦૯–૧૦ ના સમયગાળાની માહિતીની જરૂરીયાત છે તથા નકલો વાંચી શકાય તેવી પૂરી પડાવવા રજૂઆત કરેલ છે. આ સિવાય આકારણી દફતરે સીદ્દીકભાઈ મોહંમદભાઈ તંબુવાળાનું નામ ખોટી રીતે દાખલ થયાની કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. જેમાં મોહંમદભાઈ સીદ્દીકભાઈ તંબુવાળાની તા.૨૬–૧૦–૦૮ ના મરણના દાખલાની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.એઆરડી/૬૩ તા.૧૩–૧૦–૦૯ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, લોકેશન ૧૦બી–૧૫–૧૧૦૧–૦–૦૦૨ આકારણી દફતરે દાખલ કરવા અંગે આપેલ તા.૧૧–૫–૦૯ ના પત્રની નકલ, રૂા.૨૫/– ની સદરહુ લોકેશનવાળી મિલ્કત નામફેર કરવાની ફોર્મની તા.૫–૫–૦૯નીનકલ, ૧૦/૨૪૩૮ મિલ્કતમાં સી.ઝેડ/એસ/૧ ૦/૪૦૪૦ થી નોંધાયેલ ગુમાસ્તાધારા સંસ્થાની પ્રમાણપત્રની નકલ, તથા તેના રીકવીઝેશનની ફોર્મની નકલ તથા તેના દફતરી ઉતારાની નકલ તથા સુધારેલ પત્રક 'બ' ૧૦બી–૧૫–૧૧૦૧–૦૧,૦૨ અને ૦૩ ની નકલ તથા ૧૦બી–૧૫૧૧–૦–૦૦૧ અને ૦૦૨ ની આકારણી બાબતે માહિતી માંગતો પત્રની નકલ, નમુના 'ગ' માં રૂા.૩૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદારને પાઠવેલ તા.૧–૯–૦૯ ના પત્રની નકલ તથા અરજદારે મેળવેલ માહિતી અંગે સદરહુ પત્રમાં જણાવેલ રસીદ નં.૭૮૦૬૭ તા.૧–૦૯–૦૯ થી ભરપાઈ કરી માહિતી મેળવેલ છે તેની વિગતો પૂરી પાડેલ છ. જેમાં અરજદારને વોર્ડ નં.૧૦/૨૪૩૮ ના નિર્દિષ્ટ લોકેશન બાબતે તા.૧–૫–૦૯ ની ઈફેકટથી આકારણી દફતરે થયેલ ફેરફારની તુમારની એફડીટીનં.૫ તાા.૧૧–૬–૦૯ ની વિગતો રીકવીઝેશન ફોર્મ ,દફતરી ઉતારા ફોર્મ તથા સુધારેલ પત્રક ટ્રાન્સફર અંગે ભરેલ ફોર્મ તથા આકારણી બાબતે માહિતી માંગતા પત્રની નકલ તથા તેના નોંધ વિભાગ સહિતની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીમાં ૧૯૬૦ થી ૨૦૦૯ નીઆકારણી દફતરેની વિગતો માંગેલ. જે અપીલ તબકકે ૧૯૯૯ થી ૨૦૦૯–૧૦ ની વિગતો માંગેલ છે. જે અંગે અરજદારને સને ૧૯૯૯–૨૦૦૦ ની કટબુક અને દફતરી ઉતારાની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે મુજબ સદર તુમારમાં મુળ દફતરી ઉતારાની નકલની વિગતો સરખી હોય તેમજ એફડીટી/૫ તા.૧૧–૬–૦૯ ના રોજ બનેલ હોય અરજદારે માંગેલ સને ૧૯૯૯ થી ૨૦૦૯–૧૦ સુધીની ફેરફારની વિગતોનો સમાવેશ થઈ ગયેલ હોય તેવી માહિતીની વિગતો અરજદારને મળેલ જણાય છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની કે નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આકારણી દફતરના પ્રશ્ન હેઠળની મિલ્કતના સબંધિત કાગળોની નકલો પૂરી પાડેલ છે. જે પૈકી કેટલીક અવાંચ્ય હોવાની રજૂઆત અરજદારે કરેલ છે. અપીલ તબકકે અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દા માલીકને નોટીસ આપ્યા વિના ભાડુત નામ દાખલ કરવાની પ્રક્રિયા વિગેરે ખાતાકીય કાર્યવાહી અને તકરાર નિવારણને સ્પર્શતી બાબતે છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અપીલ તબકકે રજૂ થયેલ બંને પક્ષકારો તરફના દસ્તાવેજો ધ્યાને લેતાં સને ૧૯૯૯–૨૦૦૯–૧૦ સુધીની નિર્દિષ્ટ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ જે નકલો અવાંચ્ય છે તે જાહેર માહિતી અધિકારી સમક્ષ અરજદાર ધ્વારા રજૂ થયેથી વાંચી શકાય તેવી નકલો પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (એ.આર.ડી.) ને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે પૂરક વિગતોમાં આકારણીની કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી.સેન્ટ્રલઝોન(એ.આર.ડી.).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અસદ રમજાનીભાઈ શેખ,